ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
VIDHYAYANA
An International Multidisciplinary Research e-Journal

# ભારતીય અર્થતંત્રમાં GSTનો અમલ અને GST પરિષદ

ડૉ. મુકેશ આર. ગરેજા
એસોસિએટ પ્રોફેસર- અર્થશાસ્ત્ર,
શ્રી કે.એચ.માધવાણી આર્ટસ અને કોમર્સ કોલેજ, પોરબંદર

## ❖ પ્રસ્તાવના

૧ જુલાઇ,૨૦૧૭ની મધ્યરાત્રિએ ભારતીય અર્થતંત્રમાં જીએસટીને લોન્ચ કરવામાં આવ્યો હતો. GST (Goods and Service tax) એ ચીજવસ્તુઓ અને સેવાઓ પર લેવામાં આવતો પરોક્ષ કર છે. સામાન્ય રીતે કરવેરાના બે પ્રકારો પાડવામાં આવે છે- પ્રત્યક્ષ કરવેરા અને પરોક્ષ કરવેરા. પ્રત્યક્ષ કરવેરા જેના પર નાખવામાં આવે છે, તેને જ ચૂકવવાના હોય છે. જયારે પરોક્ષ કરવેરા જેના પર નાખવામાં આવે છે, તે કરવેરાનો બોઝ અન્ય પર ખસેડી શકે છે. GSTમાં ફેડરલ અને રાજ્ય નાણા મંત્રાલયોના એક પેનલે ૨૮ વસ્તુઓ અને ૫૩ સેવાઓ પર જીએસટી દરમાં સુધારો કરવાનો નિર્ણય લીધો છે. GSTમાં જુદા જુદા દરો (RATES) નક્કી કરવામાં આવ્યા છે. જેમાં 0% GST, ૫% GST, ૧૨% GST, ૧૮% GST અને ૨૮% GSનો સમાવેશ થાય છે.

વર્તમાનમાં સમગ્ર વિશ્વના લગભગ ૧૬૧ જેટલા દેશોમાં GST અમલમાં લાવવામાં આવ્યો છે. સૌપ્રથમ GSTનો અમલ ૧૯૫૪માં ફ્રાંસમાં કરવામાં આવ્યો હતો. ફ્રાંસમાં GST દર 18% રાખવામાં આવ્યો છે. ભારતે GST કેનેડીયન મોડેલ (દ્વિવિધ મોડેલ)અપનાવ્યું છે. ભારતમાં સૌપ્રથમ GST અંગેની રજૂઆત વર્ષ ૨૦૦૦માં તત્કાલીન વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીએ એક સમિતિની નિમણુંક  કરી હતી. જેમને GST મોડેલની રજૂઆત કરી હતી. ત્યારબાદ જુદી જુદી સમિતિઓ તમેજ અન્ય પ્રયત્નો બાદ ૧લી ઓગસ્ટ ૨૦૧૬ના રોજ GST બીલ સંસદમાં રજુ કરવામાં આવ્યું. તેમાં સુધારા વધારા બાદ ૮મી સપ્ટેમ્બર ૨૦૧૬ના રોજ રાષ્ટ્રપતિ દ્વારા GST બીલ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા પરિણામે ભારતનો ૧૦૧મો બંધારણીય સુધારો અમલમાં આવ્યો..

આ બંધારણીય સુધારા અંતર્ગત ૧લી જુલાઈ ૨૦૧૭ના રોજ GST સમગ્ર દેશમાં લાગુ પાડવામાં આવ્યો. GSTને વ્યાખ્યાના સ્વરૂપમાં દર્શાવવું હોય તો, GST એટલે આલ્કોહેલ સિવાયની વસ્તુઓ પર લેવામાં આવતો પ્રત્યક્ષ કર. GSTના મુખ્ય અવયવ નીચે પ્રમાણે છે,

1. કેન્દ્રીય GST એક્ટ- ૨૦૧૭
2. રાજ્ય GSTએક્ટ- ૨૦૧૭
3. સંકલિત GST એક્ટ-૨૦૧૭
4. કેન્દ્રશાસિત પ્રદેશ GST એક્ટ-૨૦૧૭

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
VIDHYAYANA An International Multidisciplinary Research e-Journal

## ભારતીય અર્થતંત્રમાં GSTના અમલનો ઈતિહાસ

| વર્ષ | વિગત |
|---|---|
| ૨૦૦૦ | સૌપ્રથમ અટલ બિહારી બાજપાયી વડાપ્રધાન દ્વારા પશ્ચિમ બંગાળ નાણાપ્રધાન અસીદ દાસ ગુપ્તાના નૈતૃત્વ હેઠળ સમિતિ રચવામાં આવી. જેને GST ડીઝાઇન મોડેલ નક્કી કરવાનું હતું. |
| ૨૦૦૨ | વિજય કેલકરની અધ્યક્ષપણા હેઠળ બે સમિતિઓની રચના કરવામાં આવી હતી. આ સમિતિએ પ્રત્યક્ષ તેમજ પરોક્ષ કરવેરાના અભ્યાસની સાથે સાથે GSTના અમલની ભલામણ કરી હતી. |
| ૨૮ ફેબ્રુઆરી ૨૦૦૬ | વડાપ્રધાન શ્રી મનમોહનસિંહ અને નાણામંત્રી પી.ચીદંબરમ્ દ્વારા તત્કાલીન નાણાકીય વર્ષમાં GST માટે વિચાર-વિમર્શ થયા. જેના પરિણામે અંદાજપત્રમાં જાહેર કરવામાં આવ્યું કે, ભારતમાં GSTનો અમલ ૧ એપ્રિલ ૨૦૧૦થી થશે. આ ઉપરાંત એમ્પાવર્ડ કમિટીની મદદથી GST રોડમેપ અને માળખું નક્કી કરવાની ભલામણ કરવામાં આવી. |
| ૨૦૦૯ | અસીમદાસ ગુપ્તાની અધ્યક્ષના હેઠળ રાજ્યોના નાણામંત્રીની સમિતિ દ્વારા નવેમ્બર, ૨૦૦૯માં GST માટે "પ્રથમ ચર્ચા પત્ર" (FIRST PISCUSSION PAPER) રજુ થયો. |
| ૨૦૧૧ | બંધારણના ૧૧૫માં સુધારા તરીકે GSTની જોગવાઈ માટે એક સમિતિ બનવવામાં આવી. |
| ૨૦૧૪ | GST બીલ પર ફરીથી વિચારણા માટે માર્ચ ૨૦૧૪ના રોજ સંસદમાં મોકલવામાં આવ્યું. લોકસભા ભંગ થતા બીલ રદ કરવામાં આવ્યું. ૧૯ ડીસેમ્બર ૨૦૧૪ના રોજ ફરીથી GST પર ૧૨૨માં બંધારણીય સુધારા તરીકે લોકસભામાં લાવવામાં આવ્યો. |
| ૨૦૧૫ | ૨૦૧૫માં લોકસભામાં GST બીલ પસાર થયા બાદ રાજ્યસભામાં રજુ કરવામાં આવ્યું. ૧૪ મે,૨૦૧૫ના રોજ રાજ્યસભા અને લોકસભાની સંયુક્ત પ્રવર સમિતિને GST બીલ મોકલવમાં આવ્યું. આ સમિતિએ તેનો રીપોર્ટ ૨૨ જુલાઈ,૨૦૧૫ના રોજ આપ્યો. |

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
VIDHYAYANA
An International Multidisciplinary Research e-Journal

| | |
|---|---|
| ૨૦૧૬ | રાજ્યસભામાં સુધારાઓ સાથે ૧ ઓગસ્ટ,૨૦૧૬ના રોજ GST બીલ રજુ કરવામાં આવ્યું. ૩ ઓગસ્ટ,૨૦૧૬ના રોજ નવા સુધારાઓ સાથે રાજ્યસભામાં GST બીલ પસાર થયુ.૮ ઓગસ્ટ,૨૦૧૬ના રોજ લોકસભામાં ફરીથી સુધારેલ GST બીલ પસાર થયું. ત્યારબાદ GST બીલ રાષ્ટ્રપતિની મંજુરી માટે મોકલવામાં આવ્યું. ૧૨ ઓગસ્ટ,૨૦૧૬ના રોજ સમગ્ર ભારતમાં સૌપ્રથમ આસામ રાજ્યમાં GST બીલ પસાર થયું. ત્યાર બાદ બિહારમાં પસાર થયું અને છેલ્લે ૭ જુલાઈ,૨૦૧૭ ના રોજ જમ્મુ-કાશ્મીર રાજ્યની વિધાનસભા દ્વારા પસાર કરવામાં આવ્યું. ૮ સપ્ટેમ્બર,૨૦૧૬ના રોજ રાષ્ટ્રપતિ દ્વારા આ બીલ પર હસ્તાંતર કરવામાં આવ્યા. રાષ્ટ્રપતિના હસ્તાંતર બાદ GST ભારતીય બંધારણનો ૧૦૧મો સુધારો અમલમાં આવ્યો. તેથી ૧૦૧મો બંધારણીય સુધારા અધિનિયમ ૨૦૧૬ અમલમાં આવ્યો. આ અધિનિયમમાં ખાસ જોગવાઈ એ કરવામાં આવી હતી કે, એ દિવસથી GST લાગુ પાડવામાં આવશે જે દિવસે કેન્દ્ર સરકાર GST લાગુ પાડવા માટે સુચના આપશે. આ અધિનિયમ લાગુ પાડવા માટે કોઈ બંધન નથી. આ અધિનિયમને જુદા જુદા વિભાગમાં અને જુદા જુદા દિવસે લાગુ પડી શકાય છે. ૧૦૧માં બંધારણીય સુધારા અંતર્ગત અનુચ્છેદ ૨૭૯(A) પ્રમાણે આ અધિનિયમ લાગુ થાયને ૬૦ દિવસોની અંદર રાષ્ટ્રપતિ દ્વારા GST પરિષદની રચના કરવામાં આવશે. કેન્દ્ર સરકાર દ્વારા ૧૨ સપ્ટેમ્બર,૨૦૧૬ના રોજ આ અધિનિયમની ધારા ૧૨ લાગુ પાડવામાં આવી જે અંતર્ગત GST કાઉન્સિલની રચના કરવામાં આવી. |
| ૨૦૧૭ | ૧ જુલાઈ,૨૦૧૭થી સમગ્ર દેશમાં GST લાગુ પાડવામાં આવ્યો. |

## ❖ ૧૦૧મો બંધારણીય સુધારા કાયદો- ૨૦૧૬

GSTના અમલથી બંધારણમાં અમુક અનુચ્છેદ ઉમેરવામાં આવ્યા છે. જેની સમજુતી નીચે પ્રમાણે છે.

અનુચ્છેદ ૨૪૬: આ અનુચ્છેદ અંતર્ગત કેન્દ્ર સરકારને CGST અને IGST લગાડવાનો અધિકાર તેમજ રાજ્યોને SGST લગાડવાનો અધિકાર પ્રાપ્ત થયેલ છે.

અનુચ્છેદ ૨૪૮ : આ અનુચ્છેદ મુજબ વિધાનસભા પાસે ક્યાં ક્યાં અધિકાર હશે તે દર્શાવવામાં આવ્યું છે. ટૂંકમાં, અનુચ્છેદ ૨૪૬ થી અનુચ્છેદ ૨૪૮ સુધીમાં GST માટેની કેન્દ્ર સરકારની યાદી, રાજ્યની યાદી તેમજ સંયુક્ત યાદીનો સમાવેશ થાય છે.

અનુચ્છેદ ૨૬૮(A) : આ અનુચ્છેદ GST અમલમાં ન હતું ત્યારે સેવાકરની જોગવાઈ કરતો હતો જે GST

આવવાથી બંધારણમાંથી સમાપ્ત કરી દેવામાં આવ્યો છે.

અનુચ્છેદ ૨૬૯ : આ અનુચ્છેદ અંતર્ગત વિવિધ રાજ્યો વચ્ચે જે લેવડ દેવડ થતી હતી તેના પર કેન્દ્ર સરકાર કરવેરા વસુલ કરતી હતી. આ કરવેરાની વહેચણી વિવિધ રાજ્યો વચ્ચે કરવામાં આવતી હતી. હવે આ અનુચ્છેદમાં નવા અનુચ્છેદ ૨૬૯(A) ઉમેરવામાં આવ્યો છે. જેમાં IGSTની જોગવાઈ કરવામાં આવી છે. જેમાં આંતરરાજ્ય લેવડ દેવડ પર GST લગાડવામાં આવશે. અહી SEZ પર પણ IGST લગાડવાની જોગવાઈ રહેલી છે.

અનુચ્છેદ ૨૭૦ : આ અનુચ્છેદ અંતર્ગત જે કરવેરા કેન્દ્ર સરકાર દ્વારા લાદવામાં આવતા હોય અને વસુલ કરવામાં આવતા હોય અને તેને રાજ્યોની વચ્ચે વહેચી દેવામાં આવતા હતા. હવે GST આવવાથી CGST અને IGSTમાં કેન્દ્ર સરકારનો જે હિસ્સો છે તેની વહેચણી વિવિધ રાજ્યો વચ્ચે નાણાપંચની ભલામણથી કરવામાં આવે છે.

અનુચ્છેદ ૨૭૧ : આ અનુચ્છેદમાં કરભાર અને ઉપકારનો સમાવેશ કરવામાં આવ્યો છે. અર્થાત્ સરકારની કરઆવક ઘટી જાય ત્યારે સરકાર દ્વારા વધારે કરભાર કે ઉપકર નાખીને કેન્દ્ર સરકાર વધુ આવક પ્રાપ્ત કરે છે. આ વધારાની આવકની વહેચણી નાણાપંચ ની ભલામણથી વિવિધ રાજ્યો વચ્ચે કરવામાં આવે છે.

- જીએસટી કાઉન્સિલ

ભારતીય અર્થતંત્રમાં ઐતિહાસિક પરોક્ષ કર સુધારા તરીકે GSTને ઓળખવામાં આવે છે. આ સુધારા દ્વારા ભારતીય કર માળખામાં ખુબ મોટું પરિવર્તન જોવા મળે છે. GST અંગેના તમામ નિર્ણયો લેવા માટે એક ચોક્કસ સંસ્થા કે માળખાની આવશ્યકતા ઉભી થઈ. જેના પરિણામે GST કોઉંન્સિલ ઘડવામાં આવી છે. GST પરિષદનું કાર્ય જીએસટીના કરના દરમાં ફેરફાર કરવો, કયા કયા કરવેરાનો સમાવેશ જીએસટી અંતર્ગત કરવો, કઈ કઈ વસ્તુઓને તેમાંથી બાકાત રાખવી અથવા છૂટછાટ આપવી તેમજ જીએસટી સમગ્ર અર્થવ્યવસ્થામાં કેવી રીતે પરિવર્તન કરી શકે તે તમામ બાબતોનો ખ્યાલ જીએસટી પરિષદ રાખે છે. જીએસટી પરિષદની જોગવાઈ ૧૦૧માં બંધારણીય સુધારા કાયદા-૨૦૧૬ના અનુચ્છેદ ૨૭૯(A)(૧) અંતર્ગત કરવામાં આવી છે. આ મુજબ જીએસટી અમલમાં આવે ત્યારબાદ ૬૦ દિવસોમાં રાષ્ટ્રપતિ દ્વારા જીએસટી પરિષદનું ગઠન કરવામાં આવશે. એવી જોગવાઈ કરવામાં આવી હતી. પરિણામે ૧૨ સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ જીએસટી પરિષદની રચના કરવામાં આવી હતી. GST પરિષદના અધ્યક્ષ કેન્દ્રીય

નાણામંત્રી (હોદ્દાની રૂએ) અને અન્ય સભ્યો જે જુદા જુદા રાજ્યોના નાણામંત્રીઓ હોય છે. GST પરિષદ દ્વારા ચાર દર નક્કી કરવામાં આવ્યા છે. વિશ્વના મોટા ભાગના દેશોમાં GSTઅંતર્ગત એક જ દર હોય છે. જયારે ભારતમાં ચાર દર નક્કી કરેલા છે. આ અંગે તમામ નિર્ણયો GST પરિષદ લે છે.

## ❖ જીએસટી પરિષદના કાર્યો

1. જુદી જુદી ચીજવસ્તુઓ અને સેવાઓમાં જીએસટી અંગે ભલામણ કરવી.
2. કેન્દ્ર સરકાર રાજ્ય સરકારો અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ દ્વારા વસૂલ કરવામાં આવેલા કરવેરા ઉપકર અને સરચાર્જને જીએસટી અંતર્ગત સમાવેશ કરવા.
3. જીએસટી પરિષદ જીએસટી સંબંધી તમામ નિર્ણયો લઈ શકે છે.
4. કાચું તેલ, હાઈ સ્પીડ ડીઝલ, પેટ્રોલ, કુદરતી ગેસ વગેરે પર જીએસટી લેવું કે નહીં તે નક્કી કરવું.
5. ઉત્તર પૂર્વીય અને પર્વતીય રાજ્યો જેવા કે અરુણાચલ પ્રદેશ, આસામ, મણિપુર, મેઘાલય, નાગાલેન્ડ, ત્રિપુરા, સિક્કિમ, જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડ માટે વિશેષ જોગવાઈ અને ભલામણ જીએસટી પરિષદ કરે છે.
6. આદર્શ GST કાનુન- IGSTની વહેંચણી અને પુરવઠાના સ્થાને પ્રકાશિત કરતાં સિદ્ધાંતની ભલામણ કરવી.
7. વસ્તુઓ અને સેવાઓના ટર્નઓવરને જીએસટીમાંથી છૂટછાટ મળે તે અંગે ભલામણો કરવી.
8. કોઈ કુદરતી આપત્તિ દરમિયાન વધારે કર આવક મેળવવા જીએસટી દર વધારવા માટે આ પરિષદ ભલામણ કરી શકે છે.


## ❖ જીએસટી-દર નક્કી કરવાના સિદ્ધાંતો,

1. સમાજમાં ગરીબ અને સંવેદનશીલ વર્ગોના લોકોના હિતોનું રક્ષણ થાય તેમજ જીવનજરૂરી વસ્તુઓ પર GST દરો હળવા નાખવા.
2. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની આવક સુરક્ષિત રહે.
3. વર્તમાન કરવેરા પ્રણાલીમાં વધારે પ્રમાણમાં ફેરફાર ન થાય એ રીતે ચીજવસ્તુઓ અને સેવાઓ પર કરવેરા નાખવા.

## ❖ GST પરિષદની સંરચના

જીએસટી પરિષદમાં કુલ 33 સભ્યો હોય છે. તેમાં અધ્યક્ષ તરીકે હોદ્દાની રૂએ કેન્દ્રીય નાણામંત્રી હોય છે.

તેમજ સદસ્યો કેન્દ્રીય મહેસુલ રાજ્યપ્રધાનો અને અન્ય સભ્યોમાં ૨૯ રાજ્યોના નાણામંત્રી અથવા સરકાર દ્વારા નિર્ધારિત અન્ય મંત્રીઓનો સમાવેશ કરવામાં આવે છે. બે કેન્દ્રશાસિત પ્રદેશના મંત્રીઓ જેમાં દિલ્હી અને પોંડિચેરીના મંત્રીઓનો પણ સમાવેશ થાય છે. ઉપાધ્યક્ષ સામાન્ય રીતે રાજ્ય સરકારના મંત્રીઓમાંથી નક્કી કરવામાં આવે છે. જીએસટી પરિષદના તમામ નિર્ણય લેવા માટે ૭૫ ટકા (૩/૪) બહુમતિ મતદાન આવશ્યક છે તેમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના હિસ્સાની વાત કરીએ તો 33.33% કેન્દ્ર સરકારનો હિસ્સો છે. ૬૬.૬૬% હિસ્સો બધા રાજ્યોનો છે. જીએસટી પરિષદના તમામ નિર્ણય કેન્દ્ર સરકાર અને મોટાભાગના રાજયોની સહમતિથી લેવામાં આવે છે. તેથી તેની કામગીરી મહત્વની છે.




## ❑ ઉપસંહાર

ભારતીય કરમાળખામાં GST એ એક ઐતિહાસિક સુધારો છે. સમગ્ર વિશ્વમાં ૧૯૫૪માં ફ્રાન્સે GSTનો શુભારંભ કર્યો હતો, જેના વિકાસાત્મક પરિણામોના કારણે વિશ્વના મોટાભાગના દેશોએ જુદા જુદા સમયે ફ્રાંસનું અનુકરણ કરેલું છે. ભારતમાં ૧ જુલાઈ, ૨૦૧૭થી GST અમલમાં આવ્યું. આલ્કોહો સિવાયની તમામ ચીજવસ્તુઓ પર તેમજ જુદી જુદી સેવાઓ પર GST વસુલવામાં આવે છે. GST લાવવાથી રાજ્ય સરકારના તેમજ કેન્દ્ર સરકારના અનેક પરોક્ષ કરવેરા GSTમાં ભેળવી દેવામાં આવ્યા છે. વર્ષ ૨૦૦૦ થી ૨૦૧૬ સુધીના પ્રયત્નોના પરિણામે બંધારણમાં ૧૦૧મો સુધારો અમલમાં આવ્યો છે. GST અંગેના તમામ નિર્ણયો લેવા માટે સરકારે એક પરિષદની રચના કરી છે. જે અંતર્ગત GSTના તમામ નિર્ણયો લેવામાં આવે છે. જીએસટી અંતર્ગત રાજ્યોને વળતર આપવાની વ્યવસ્થા જીએસટીના અમલ બાદ પાંચ વર્ષ સુધી રાજ્યોને થયેલા નુકસાનના વળતરની વ્યવસ્થા કરવામાં આવી છે. પ્રથમ ત્રણ વર્ષ સો ટકા વળતર

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research e-Journal

ત્યારબાદ એક વર્ષ ૫૦ ટકા વળતર અને ત્યારબાદ એક વર્ષ ૨૫ ટકા વળતર આપવાની રજૂઆત કરવામાં આવી છે. આ અંગેની ભલામણ ૧૪માં નાણાપંચ દ્વારા પણ કરવામાં આવી હતી.

## * સંદર્ભ સૂચી

1) જોષી ડી.જી. (૨૦૧૮), "ભારતીય અર્થવ્યવસ્થા", લીબર્ટી પબ્લિકેશન, અમદાવાદ
2) રોશન આર.કે., સિંહ એ.એન. (૨૦૧૬), "અર્થશાસ્ત્ર", અરીહંત પ્રકાશન
3) પૂરી વી.કે. , મિશ્ર એસ.કે. (૨૦૧૩), "ભારતીય અર્થવ્યવસ્થા", હિમાલયા પબ્લીશીંગ હાઉસ
4) સામાન્ય અધ્યયન ભારતીય અર્થવ્યવસ્થા(૨૦૧૯), પ્રતિયોગીતા દર્પણ
5) ભારતીય અર્થવ્યવસ્થા, દ્રષ્ટિ પબ્લિકેશન
6) અર્થશાસ્ત્ર-ધોરણ૧૨, (૨૦૧૭), ગાંધીનગર ગુજરાત રાજ્યશાળા પાઠ્યપુસ્તક મંડળ.
7) સિંહ આર., (૨૦૧૭), "ભારતીય અર્થવ્યવસ્થા", **MCGrawHillEducation(india)PrivetLimited.**
8) કાજલ દાદલ, (૨૦૧૭), ભારતીયઅર્થતંત્ર અને આયોજન, ભાવનગર, વર્ડ ઈનબોક્સ.
9) પટેલ. (૨૦૧૭), "સામાન્ય અભ્યાસ-૨ ભારતીય અર્થતંત્ર, અમદાવાદ, લીબર્ટી પબ્લીકેશન
10) https://timesofindia.indiatimes.com/business/faqs/gst-faqs/gst-guide-taxes-to-be-subsumed-under-gst/articleshow/60192017.cms
11) https://www.gst.gov.in
12) https://www.fresherslive.com/articles/gst-tax-rates-india